


## પ્રાંતિજ ખાતે પાટીદારોએ મુંડન કરી સરકાર સામે રોષ વ્યક્ત કર્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અનામતને લઈને પાટીદારોએ સામુહિક મુંડન કરી સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાટીદારો દ્વારા સમુહ મુંડન કાર્યક્રમ યોજાયો હતો . જેમાં પાટીદારોએ સમુહ મુંડન કરાવ્યું હતું અને જય સરદાર - જય પાટીદારના નારા સાથે હાથમાં પોસ્ટરો જોવા માળ્યા હતાં અને અનામતને લઈને સરકાર ઉપર આકરી પ્રહારો કર્યા હતાં. જયારે પ્રાંતિજ ખાતેના કન્વીનર અનિલભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, મયુરભાઈ પટેલ, હિતેષભાઈ પટેલ સહિત પાટીદારો જોડાયા હતાં અને મુંડન બાદ બસ સ્ટેન્ડ ચોકમાં ફટાકડા ફોડી ૨૦૧૭ની ખુશી વ્યક્ત કરી અને ચાલુ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતાં.

# મોડાસા માર્કેટયાર્ડમાંથી ઘઉં ભરેલું ટ્રેક્ટર લઈ ગઠીયો ફરાર

મોડાસા, તા. ૬

અરવલ્લીના મોડાસા માર્કેટયાર્ડમાં ગણેશપુરાના એક ખેડૂતે પાર્ક કરેલ ઘઉં ભરેલું ટ્રેક્ટર અજાણ્યો ગઠીયો લઈ જતા ભારે હોબાળો થયો હતો, પણ ખેડૂતોની સમયસૂચકતાના લીધે ટુંક સમયમાં જ ટ્રેક્ટર પર મળી જતા હજારો રૂપિયાનું નુકશાન થતુ બચી ગયું હતું.

અરવલ્લીના મોડાસા માર્કેટયાર્ડમાં ગણેશપુરાના હર્ષદભાઈ શાંતિલાલ પટેલ ઘઉંની વહેલી હરાજી થાય તે માટે રાત્રીના સમયે માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર પાર્ક કરી સુઈ ગયા હતા ત્યારે સવારે છ વાગે અજાણ્યો ગઠીયો ટ્રેક્ટર ચાલુ કરી નાસી ગયો હતો. આ વાતની જાણ થતાં જ ભારે હોબાળો મચ્યો હતો. અને ખેડૂતોએ તપાસ ચલાવતા આ ગઠીયો રાજસ્થાન તરફ જવા માટે મેઘરજ બાજુ જતો હતો ત્યારે ઝડપાઈ ગયો હતો. પરંતુ મોડાસા ટાઉનપોલીસ સ્ટેશનમાં હજુ સુધી ગઠીયો પકડાયો નથી તેમાંય વળી ટ્રેક્ટરનું એન્જીન મળ્યુ છે પણ ઘઉં પણ મોડી સાંજ સુધી મળ્યા ન હોવાનું જાણવા મળ્યું છે. આમ મોડાસા માર્કેટયાર્ડમાં દરેક દરવાજા પર ચોકીદારો હોવા છતાં આખે આખુ ટ્રેક્ટર ગાયબ થઈ જાય તે શરમજનક બાબત છે. આ અંગે ચેરમેન યોગ્ય પગલા લઈ ચોકીદારોની આળસ ખંખેરે તે જરૂરી છે.



# મહેસાણા પાસે ત્રણ ખેત મજૂરને કારે કચડી નાખતા ત્રણેયના મોત

મહેસાણા, તા. ૬

મહેસાણા-અમદાવાદ ફોરલેન હાઈવે પર ટોલટેક્ષ નાકા પાસે રસ્તો ક્રોસ કરી રહેલ એક શ્રમિક પરિવારના પતિ, પત્નિ અને પુત્રવધૂને એક મહારાષ્ટ્ર પાસિંગની મોટરકારે કચડી નાંખતા ત્રણેય ખેત મજૂરોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. આ કરૂણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે દુઃખની લાગણી ફેલાઈ હતી.

બનાવની વિગત એવી છે કે મહેસાણા તાલુકાના લીંચ ગામે રહેતા અને ખેત મજૂરી કરતા બળદેવજી વનાજી ઠાકોરના પરિવારના બળદેવજી ઠાકોર તેમના ધર્મપત્નિ પારૂબેન ઠાકોર તેમજ પુત્રવધૂ ચંદ્રિકાબેન ઈશ્વરજી ઠાકોર નજીકના જગુદણ ગામની સીમમાં આવેલ ખેતરમાં ઘઉંનો પાક કાપીને પરત પોતાના ઘરે જવા નીકળ્યા હતા ત્યારે વહેલી સવારે મહેસાણા નજીક હાઈવે પર આવેલ ટોલપ્લાઝા પાસે આ ત્રણેય વ્યક્તિઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે સામેથી પુરઝડપે પસાર થયેલ એમ.એચ.૦૨.એક્યુ.૬૧૮૮ નંબરની કારના ચાલકે ત્રણેયને અડફેટે લઈ કચડી નાંખ્યા હતા. જેથી ત્રણેયને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યાં હતા. જ્યારે એક વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ કારચાલક નાસી ગયો હતો. અકસ્માતની જાણ થતા આસપાસમાંથી લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. બાદ પોલીસે ઘટનાસ્થળે આવી મૃતદેહોનું ઈન્વેસ્ટીગેશન કરી પોસ્ટમોર્ટમ માટે મહેસાણા જનરલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં પણ લોકોના ટોળા ઉમટ્યા હતા. લીંચ ગામના ગરીબ પરિવારના ત્રણ સભ્યોના આકસ્મિક અકસ્માતમાં મોત નિપજતા પરિવાર, સગા સંબંધીઓ સહિત ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. અકસ્માત બાદ કાર ચાલક નાસી છુટ્યો હતો.

અકસ્માતનો બીજો બનાવ ઊંઝા પાટણ રોડ પર બન્યો હતો. ગઈરાત્રે સૂણોક ગામ પાસે એક આઈસર ટ્રક નં. જીજે-૨૪.વી.૮૬૯૪ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને ઓટો રીક્ષાને ટક્કર મારી હતી. જેથી રીક્ષાચાલક જગદીશભાઈ કરલીયા રહે. પાટણનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે ઉનાવા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી તપાસ આરંભી છે.



અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા ભારતીય જનતા પાર્ટીના જિલ્લા કાર્યાલય ખાતે બુધવારે ૬ એપ્રિલના રોજ ભાજપાનો સ્થાપના દિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભીએ પક્ષના ચિન્હનો ધ્વજારોહણ કરી જિલ્લાના સ્થાપના દિને ઉપસ્થિત ભાજપાના અગ્રણીઓ અને સદસ્યોને રાજ્યની ૨૦૧૭માં આવનારી ચૂંટણીઓના પ્રચારમાં અને ભારત સરકાર અને ગુજરાત સરકારની ઉપલબ્ધીઓ પ્રજાજનો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

## ડિસામાં પાણીજન્ય રોગને લીધે ઈન્દિરાનગર વિસ્તારમાં ૨૫ બાળકોને અસર : ૧ બાળકનું મોત

ડીસા, તા. ૬

ડીસામાં આવેલ શ્રમજીવી વિસ્તારમાં પાણીજન્ય રોગના અનેક લોકો ભોગ બન્યા છે. જેમાં ૨૫ જેટલા બાળકોને પણ આની સીધી અસર થવા પામી છે. ત્યારે ૧૧ વર્ષનો બાળક પાણીજન્ય રોગને લીધે મોતને ભેટ્યો હતો. આ મામલે ભારે હાહાકાર મચી જવા પામી છે.

ડીસામાં ઈન્દિરાનગર વિસ્તારમાં કેટલાક બાળકોને ઝાડા-ઉલ્ટી થતા તેમને સારવાર અર્થે દાખલ કરાયા હતા. જેમાં ૨૫ જેટલા બાળકો આ પાણીજન્ય રોગની અસર દેખાતા સમગ્ર શ્રમજીવી વિસ્તારમાં ભય ફેલાયો હતો. જેમાં એક પરિવારના ૧૧ વર્ષીય દિલીપ કરશનભાઈ જોષીની તબીયત લથડાતા તેને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાનના પગલે ડીસા નગર પાલિકાનું પાણી પુરવઠાતંત્ર અને તાલુકા હેલ્થ અધિકારીની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આ રોગના કારણોની તપાસ હાથ ધરાઈ હતી.



## રાજયના સૌ પ્રથમ વર્મી કાસ્ટ પ્રોજેકટનું લોકાર્પણ કરાયું

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીકના વિરપુર ગામે રૂ. ૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ રાજયના સૌ પ્રથમ બાયોગેસ એકમ અને વર્મી કાસ્ટ પ્રોજેકટનુ લોકાર્પણ જિલ્લા પ્રભારી મંત્રી અને ગૃહ રાજયમંત્રી રજનીકાન્ત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ગ્રામ ઉદય નિર્માણ તરફના આ પગલાને આવકારતા મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, સમાન્ય રીતે ગામડાના વિકાસ માટે રસ્તા, પાણી અને ગટર વ્યવસ્થાના આંતર માળખાકીય સુવિધાને લગતા કામો થતા હોય છે પરંતુ વિરપુર ગામે સમાજના બહુધા લોકોને ઉપયોગી એવા એક એકમની શરૂઆત કરી અન્ય ગામો માટે ઉદાહરણરૂપ કામ કર્યુ છે.

## બાલીસણા ગામે સગીરવયની યુવતીને બળજબરી ભગાડી જતાં પાંચ સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે ૧૫ વર્ષની સગીર યુવતીને બળજબરી રીતે ઘરેથી ભગાડી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પાંચ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ફરીયાદી લલીતાબેન પરષોત્તમભાઈ પારધી રહે. ડુંગરપુર, ફતેપુર, દાહોદ હાલ રહે. બાલીસણા કે જેવોના ઘરે સફેદ કલરની ઈકો ગાડી લઈને આવી તેમની દિકરીને સગીર વયની હોવા છતાં બળજબરી રીતે ઉપાડી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પાંચ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ છે જેમાં સોહન નાથુભાઈ કંટારા, રમણ કાળુભાઈ કંટારા રહે. જલઈ, ફતેપુર, દાહોદ તથા અન્ય ત્રણ આરોપીઓ નામ ઠામ મળેલ નથી જે તા.૪-૪-૨૦૧૬ના રોજ બાલીસણા મુકામે આવી આરોપી નંબર એકે નવલભાઈને તથા આરોપી બે અને પાંચે ફરીયાદીના દિકરા અરવિંદને પકડી આરોપી નંબર બે એ ફરીયાદીની દિકરી ઉ.વર્ષ -૧૫ સગીરવયની હોવાનું જાણ હોવા છતાંયે બળ જબરીપૂર્વક બદ ઈરાદે લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં લલીતાબેન પરષોત્તમભાઈ ની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળની તપાસ હાથ ધરી છે.



## સાબરકાંઠા જિલ્લામાં મા અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ

સમગ્ર રાજય વ્યાપી શરૂ કરવામાં આવેલી મા અન્નપૂર્ણા યોજના અન્વયે આજે બુધવારના રોજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના વૈશાલી સિનેમા ગ્રાઉન્ડ ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવી હતી. ગરીબોના ઉત્થાન માટે સતત ચિંતન કરતી રાજય સરકાર ધ્વારા અનેક કલ્યાણકારી યોજના અમલી બનાવી હોવાનું જણાવી મંત્રી ઉમેર્યુ હતું કે, આ યોજનાઓ થકી ગરીબો સ્વનિર્ભર બની શકે તેમણે ગરીબોના ઘરમાં કલ્યાણકારી દિપ પ્રગટે તેવા શુભ આશયથી ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરવામાં આવી હતી. જયારે હવે ગરીબોને ભૂખ્યા પેટે સુવુ ન પડે તે માટે મા અન્નપૂર્ણા યોજના શરૂ કરીને રાહતદરે અનાજ આપવાનું પ્રારંભ કરવામાં આવ્યો છે.

# મહેસાણા જિલ્લામાં "મા અન્નપૂર્ણા યોજના"નો પ્રારંભ

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે મા અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. જરૂરીયાતમંદ,મધ્યમ વર્ગ, ગરીબ તેમજ સમાજના છેવાડે વસતાં નાગરિકોને પોષાય તેવા ભાવથી અનાજ આપતી અત્યંત ઉપકારક યોજના " મા અન્નપૂર્ણા યોજના"ની શરૂઆત આજે સમગ્ર ગુજરાતમાં થઈ છે.જેમાં મહેસાણામાં આ યોજનાનો પ્રારંભ થયો હતો.

મા અન્નપૂર્ણા યોજના સંમેલનમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યના નાગરિકોનું સન્માનભેર જીવન સુનિશ્ચિત કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં આ યોજનાનો પ્રારંભ થયો છે. રાજ્યમાં કોઈ નાગરિક ભૂખ્યો રહે નહી, બાળક અને માતાને પોષણક્ષમ આહાર મળે અને દરેક નાગરિકોનું આરોગ્ય સુધરે તેવા ત્રિવેણી ઉદ્દેશથી આ યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટર લોચન સેહરાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે જિલ્લાના લોકો આ યોજનાનો લાભ મેળવનાર છે આ યોજનાની પાત્રતા ધરાવતા કુટુંબો પણ આ યોજનાનો લાભ લેવા માટે અરજી કરી શકે છે. મહેસાણા જિલ્લામાં આ યોજનાના લાભાથીઓનો મોટા ભાગના વર્ગને આવરી લેવાયો છે.



## સાબરદાણ ખાતા પશુઓના મોતનો મામલો લેબ વિભાગને બદલે દોષનો ટોપલો

# પ્રોડકશન અને ગોડાઉન વિભાગને માથે થોપવાની પેરવી

અરવલ્લી, તા. ૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સાબરદાણ ખાધા બાદ ૧૦થી વધુ પશુઓના મોત થયા હતા અને ૨૦૦થી વધુ પશુઓ બિમાર પડી જતા પશુપાલકોમાં અરેરાટી સાથે આક્રોશ વ્યાપ્યો હતો. હરકતમાં આવેલા ડેરીના વહીવટીતંત્રએ પ્રોડકશન વિભાગના એક કર્મીને સસ્પેન્ડ કરી તેમજ ગોડાઉન વિભાગના ત્રણ કર્મીઓને શો-કોઝ નોટીસ આપી સાબરદાણ ફેક્ટરીના લેબ વિભાગના તેમજ દાણની કામગીરી સાથે સંકળાતા જવાબદારકર્મીઓ-અધિકારીઓને બચાવવાનો કારસો ઘડી સમગ્ર મામલા પર ઢાંકપિછોડો કરવાના ભરપુર પ્રયાસો તેજ બનાવ્યા છે. જેના ઘેરા પ્રત્યાઘાતો સાથે જિલ્લામાં પશુપાલકો સાથે દૂધ મંડળીઓના અગ્રણીઓમાં સાબરદાણના લેબ વિભાગમાં વર્ષીથી અડિંગો જમાવી બેઠેલા કેટલાક કર્મીઓની અન્યત્ર બદલી કરીને દૂર કરવાની માંગણી પ્રબળ બની છે.

સાબરદાણ ખાધા બાદ પશુઓના મોતના મામલે ડેરીના વહીવટીતંત્રએ દાણ ફેક્ટરીના પ્રોડકશન વિભાગના એક કર્મીને જવાબદાર ગણી સસ્પેન્ડ કર્યા બાદ ગોડાઉન વિભાગના ત્રણ કમીઓને શો-કોઝ નોટીસ આપી એક તરફી કરાયેલી કાર્યવાહીના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. સાબરડેરીના મેનજીંગ ડિરેકટર ડૉ.બી.એમ.પટેલ કેટલ ફિલ્ડમાં ઇન્ચાર્જ રહ્યા હોવા છતાં દાણની ફેક્ટરીમાં તૈયાર થયેલા માલમાં આટલી મોટી ક્ષતિથી તેઓ કેમ અજાણ રહ્યા તેની પશુપાલકો સાથે દૂધ મંડળીઓમાં ચર્ચા સંભળાઇ રહી છે.

### લેબ પરિક્ષણનું સાચું પરિણામ જાહેર થયું હોત તો પશુઓની જાનહાનિ અટકાવી શકાત

સાબરદાણમાં દાણ તૈયાર થયા બાદ તેનું લેબ પરિક્ષણ કરાય છે. ત્યારબાદ પરિક્ષણનું રિઝલ્ટ હાઈ ઓથોરીટીની સહીમાં જતું હોય છે. જે ખરાઈ થઈને આવ્યા બાદ દાણના ડીસ્પેચની કાર્યવાહી થતી હોય છે. જો પરિક્ષણ થયેલ દાણનું સાચું પરિણામ જાહેર કરાયું હોત તો આટલા બધા પશુઓની જાનહાનિને અટકાવી શકાઈ હોત.

### ઘટના બાદ લેબના કર્મીઓને બદલવા માંગણી

સાબરદાણના લેબ વિભાગમાં અમુક લેબ ઈન્ચાર્જો અડિંગો જમાવી બેઠા હોવાનું સહકારી આગેવાને જણાવ્યા બાદ હવે આટલી મોટી ઘટના બની છે ત્યારે તાત્કાલિક અસરથી આવા કમીઓને બદલી પગલા ભરાય તો ભવિષ્યમાં થનાર મોટી ઘટનાને અટકાવી શકાય.

### લેબર કોન્ટ્રાકટર અને સપ્લાયરની મીલીભગત

સાબરદાણ વિભાગમાં કામ કરતા લેબર કોન્ટ્રાકટર અને સપ્લાયર વેપારી વચ્ચેની મીલીભગતને કારણે સપ્લાયરનો ખરાબ માલ હોય તો પણ વિના સંકોચે દાણ ફેકટરીમાં ઉતરી જતો હોવાની ચર્ચા સાબરદાણ ફેકટરીના વર્તુળોમાં જ ચાલી રહી છે.

### સાબરડેરીના જનરલ મેનેજર શું કહે છે

સાબરદાણમાં વધુ પડતી પ્રોટીનની માત્રાને કારણે પશુઓના મોતની ઘટનાને સંદર્ભે સાબરડેરીના જનરલ મેનેજર જે. ડી.પટેલે જણાવ્યું હતું કે જવાબદારો સામે પગલા ભરવાની કાર્યવાહી ચાલુ છે. આ આકસ્મિક થયેલ ભૂલને કારણે બનેલી ઘટના છે. સાબરદાણમાં આવતા રો-મટીરીયલ્સનું ફીઝીકલ ચેકીંગ અને દાણ બની ગયા બાદ લેબ ઈન્ચાર્જ અને સેમ્પલર દ્વારા પરિક્ષણ કરાતું જ હોય છે તેમ તેમણે જણાવ્યું હતું. લેબર કોન્ટ્રાકટને મામલે તા.૩૦-૧૧-૨૦૧૫ ના રોજ કોન્ટ્રાકટ એકસ્પાયર થતા ટેન્ડરની શરતોને આધારે રિન્યુ કરાયાનું જણાવ્યું હતું.